કાયમી પેશગી દરખાસ્ત બાબત.....

હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
જા.નં.આકૃયુ / હિ.નિ. /કન્ટ્રોલ શાખા / ૬૬૨ / ૨૦૨૨
તારીખ :- ૧૩/૦૪/૨૦૨૨

વંચાણે લીધો:- અત્રેની કચેરીના પરિપત્ર જા. નં. આકૃયુ/હિનિ/કંટ્રોલ શાખા/ ૯૦૭૫ તા.૧૦/૦૩/૨૦૨૨

-: પરિપત્ર:-

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પરિપત્રથી કાયમી પેશગીની રકમ અત્રેની કચેરીને જમા કરવા જણાવેલ હતું. જે મુજબ તમામ કચેરીઓએ રકમ જમા કરાવેલ છે. તમામ કચેરીઓએ વર્ષ:- ૨૦૨૨-૨૩ દરમિયાન કાયમી પેશગીની રકમની જરૂરિયાત હોય તેટલી રકમની દરખાસ્ત તૈયાર કરી નીચે પ્રમાણેના નમુનામાં મોકલી આપવાની રહેશે.

આપની કચેરીના લાઈટબીલ,ગેસબીલ, ટેલિફોનબીલ/મોબાઈલબીલ, ડીઝલબીલ, ઇન્સ્યોરન્સ તેમજ અન્ય આકસ્મીક ખર્ચનું ચુકવણું કરવા માટે કાયમી પેશગીની ફાળવણી કરવામાં આવશે. તેમાંથી રૂપિયા ૧૫૦૦/-થી નીચેના તમામ બીલોનાં ચુકવણાં કરવાના રહેશે. અત્રેની કચેરીએ રૂપિયા ૧૫૦૦/-થી નીચેની રકમાના બીલો સ્વીકારવામાં આવશે નહિ.

અત્રેની કચેરી ખાતે ધ્યાને આવેલ છે કે, અમુક કચેરીઓ દ્વારા વારંવાર નજીવી રકમ માટે પણ એબસ્ટ્રેક બીલ ઉગવવામાં આવતાં હોય છે. તો આવા બીલોનાં ખર્ચ માટે તેમની કાયમી પેશગીની રકમનો ઉપયોગ કરવાનો રહેશે.

**નીચે મુજબના આવશ્યક ખર્ચને પહોચી વળવા માસીક અંદાજીત રકમ રૂપિયા:-**

| લાઈટબીલ માટે દર મહિને રૂ. | ગેસબીલ માટે દર મહિને રૂ. | ટેલીફોનબીલ માટે દર મહિને રૂ. | ડીઝલબીલ માટે દર મહિને રૂ. | લેબ/ફાર્મના પરચુરણ ખર્ચ તથા અન્ય પરચુરણ ખર્ચ માટે દર મહિને રૂ. | કુલ કાયમી પેશગીની જરૂરિયાત |
|---|---|---|---|---|---|
| | | | | | |

તારીખ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની સહી યુનિટ અધિકારીશ્રીની સહી

(આર.એચ. ગોંડલીયા)
હિસાબ નિયામક

નકલ રવાના : -
(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીના યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.